सत्यमेव जयते

७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७

**પાટણના ત્રીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. પાટણ.**

( યુ.એસ.પરમાર. ત્રીજા અધિક ચીફ મેજી., પાટણ )

७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७७

**ફોજદારી કેસ નંબર :– ૨૮૯૪/૨૧**

આંક :– ૪

**ફરિયાદી** :– શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

**આરોપી** :– પટેલ દિનેશભાઈ ઈશ્વરભાઈ
રહે. ખીમીયાણા.

ગુનો :– **એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ....**

**// હ રા વ //**

(૧) આ કામે ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ બનાવના દિવસે પોતાના કબજા વાળું વાહન કેફી પ્રવાહી પીઘેલ હલાતમાં ડ્રાયવીંગ કરતાં મળી આવી એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી આજરોજ યોજાયેલ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન ઉપસ્થિત થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ

નોંધતા,આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરશીશ અલગતથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોઈ, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોઈ, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજુઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ઘ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે આ કામના આરોપીને એમ. વી.એકટની કલમ ૧૮૫ મુજબ શિક્ષાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૧૫ (પંદર) ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.મુધ્દામાલનો વચગાળાનો હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૦ મી** માહે **જુલાઇ ,** સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭ /૨૦૨૧.
પાટણ.

**( યુ.એસ.પરમાર)**
ત્રીજા અધિક ચીફ મેજી., પાટણ
જજ કોડ નં. જીજે ૦૧૧૬૦
સ્પેશ્યલ સીટીંગ